GJCU050026712024

રજુ તારીખ	૧૩/૧૨/૨૦૨૪
દાખલ તારીખ	૧૩/૧૨/૨૦૨૪
ફેંસલ તારીખ	૧૪/૦૫/૨૦૨૬
અવધિ	વર્ષ–માસ–દિવસ ૦૧–૦૫–૦૧

નસવાડીના મહેરબાન સિવિલ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુ.નસવાડી

દિવાની મુ.નં. ૫૮/૨૦૨૪
આંક:– ૪૦

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા,
નસવાડી શાખાના બ્રાન્ચ મેનેજરશ્રી,
ઉ.વ.૩૮, ધંધો–બેન્કીંગ,
મુકામ–સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા નસવાડી શાખા,
તા. નસવાડી, જી.છોટાઉદેપુર. ::: વાદી.

– વિરૂધ્ધ –

(૧)રેખાબેન મહેશભાઈ ભીલ, ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે–સ્ટેશન ફળીયું, ભંગીયાવાડ, નસવાડી,
તા.નસવાડી, જી.છોટાઉદેપુર. ::: પ્રતિવાદી

દાવો ::– રૂા. ૪,૨૮,૪૪૭/–ના આંકથી લેણી રકમ વસુલ મેળવવા અંગેનો

વાદી તરફે :– વિ.વ.શ્રી એન.જે.ખરાદી.
પ્રતિવાદી તરફે:– કોઈ નહી.

// ચૂ કા દો //

(૧) વાદીના દાવાની ટુંકમા હકીકત એવી છે કે, વાદી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા એ રજીસ્ટર થયેલ ઈન કોર્પોરેટ સંસ્થા છે તેમજ બેંકીંગને લગતુ કામકાજ કરે છે. જેની વડી કચેરી અમદાવાદ મુકામે આવેલ છે અને નસવાડી તાલુકાના નસવાડી મુકામે તેઓની એક બ્રાન્ચ આવેલ છે. વાદી બેન્કનો મુખ્ય વ્યવસાય જુદા જુદા હેતુઓ માટે ધિરાણ તથા અને બેકીંગનો છે. **આ કામના પ્રતિવાદી ખેતી કરે છે અને પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી ધંધા વિષયક લોન (એમ.સી./મુદ્રા/ડેરી) બાબત ની લોનની માંગણી કરેલી.** જેમાં લોન અંગેના જરુરી દસ્તાવેજો જેવા કે, લોન માટેની અરજી ટર્મસ એન્ડ કન્ડીશન લેટર લોનનો કરાર હાઈપોથીકેશન કરાર વગેરે દસ્તાવેજ ઉપર સહીઓ કરી આપેલ અને આ

તમામ દસ્તાવેજોની હકીકતો તેમજ શરતોની પ્રતિવાદીને સમજ આપવામાં આવેલી અને **તે મુજબ પ્રતિવાદીની લોન રૂા.૪,૫૦,૦૦૦/– તા. ૦૨/૦૩/૨૦૨૩ તથા તા. ૦૪/૦૩/૨૦૨૩ ના રોજ મંજુર કરેલી, જેનો ઉપાડ પ્રતિવાદીએ કરેલ જેનો લોન ખાતા નં. ૪૧૩૨૩૬૮૯૮૮૮ છે.** પ્રતિવાદીએ મેળવેલ **લોન**ની રકમ તથા વ્યાજ વાદી બેંક ને નિયત સમય મર્યાદામાં વ્યાજ સહીત ભરપાઈ કરવાના હતા. લોન ઉપર **વ્યાજનો દર ૧૧.૪૦ ટકા** છે. લોનની રકમ તથા વ્યાજ તથા ઈન્સપેકશન ચાર્જ વિગેરે લોનની શરતો મુજબની પુરેપુરી રકમ ભરવા પ્રતિવાદી બંધાયેલા છે. ત્યાર બાદ પ્રતિવાદીએ **તા. ૦૨/૦૩/૨૦૨૩ તથા તા. ૦૪/૦૩/૨૦૨૪** નારોજ બીજા તમામ એગ્રીમેન્ટો પર પ્રતિવાદી એ પોતાની સહી/અંગુઠા કરી આપેલ છે. પ્રતિવાદી લોનની રકમ તથા વ્યાજ ભરવામાં ઘણા જ અનિયમીત છે. પ્રતિવાદીના લોન ખાતામાં **તારીખ. ૦૩/૦૭/૨૪ ના રોજ લોનની રકમ બાકી રૂા. ૩,૮૩,૫૭૭.૫૮/– તથા વ્યાજ રૂા. ૪૪,૮૬૯.૫૯/– મળી કુલ રૂા.૪,૨૮,૪૪૭.૧૭/–** વાદી બેંકને પ્રતિવાદી પાસે લેવાના બાકી નીકળે છે. પ્રતિવાદી ખાતે બાકી નીકળતી લોન તથા વ્યાજની રકમ ભરપાઈ કરવા વાદી બેંકે લેખીત તેમજ મૌખિક માંગણી કરેલ હોવા છતાં તેમજ **તા. ૧૩/૦૨/૨૪ તથા તા. ૧૫/૦૪/૨૪ ના રોજ વકીલ શ્રી મારફતે લેખીત નોટીસો** આપવા છતા પ્રતિવાદી લોનની બાકી રકમ ભરપાઈ કરવા ગણકારતા ન હોઈ હાલનો આ દાવો નામદાર કોર્ટમાં દાખલ કરવાની જરૂરીયાત ઉભી થયેલ છે. પ્રતિવાદીએ લોન મેળવતા તેમની માલીકીની સ્થાવર જંગમ મિલ્કતો તથા તેમાં થતા ઉભાપાક નુ શાનગીરોખત કરી આપેલ છે.

આ કામના પ્રતિવાદીના ખાતે **તારીખ ૦૩/૦૭/૨૪ ના રોજ લોનની બાકી રકમ રૂા. રૂા. ૩,૮૩,૫૭૭.૫૮/– તથા વ્યાજ રૂા. ૪૪,૮૬૯.૫૯/– મળી કુલ રૂા.૪,૨૮,૪૪૭.૧૭/–** તથા દિન પ્રતિદીન ચડે ચડયુ વ્યાજ તથા આ દાવા તારીખથી દાવાની રકમ વસુલ કરીએ ત્યા સુધી દાવાની રકમનુ લોનનુ **૧૨.૦૦ ટકા** પ્રમાણે ચઢતા વ્યાજની રકમ પ્રતિવાદીની જાતથી તેમજ તેમની હરેક પ્રકારની મીલકતથી વસુલ કરીએ તેવુ હુકમનામુ વાદીના લાભમાં કરી આપવા અરજ કરેલ છે તથા દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા તેમજ નામ.કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી દાદ અપાવવા વિનંતી કરેલ છે.

(૨) આ દાવાનો સમન્સ પ્રતિવાદીને કાઢતા જે બજીને પરત આવેલ છે અને તેઓને સમન્સ બજવા છતાં પ્રતિવાદી દાવાના કામે હાજર નથી કે તેમના વિ.વકીલશ્રી પણ હાજર નથી. પ્રતિવાદી તરફે મુદત માંગતો કોઈ રીપોર્ટ નથી. જેથી આ કામના **પ્રતિવાદીનો જવાબનો હકક તારીખ.૧૪/૦૨/૨૫ ના રોજ બંધ કરી** સદરહુ દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) જેથી આ કામનો આખરી નિર્ણય કરવા માટે મારા પુરોગામી વિધ્વાન જજ સાહેબ

શ્રીનાઓએ ધ્વારા **આંક–૧૦** થી નીચે મુજબના મુદ્દાઓ મુકરર કરવામાં આવેલા છે.

–:: મુદ્દા ::–

(૧) શું વાદી પુરવાર કરે છે કે, વાદી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા એકટ અંતર્ગત નોંધાયેલ સંસ્થા હોય જેની શાખા નસવાડી મુકામે આવેલ હોય તે જુદા જુદા હેતુઓ માટે વ્યવસાય અને બેંકીંગ અંગે ધીરાણ કરે છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ ધંધા વિષયક લોન મેળવવા બાબત અરજ કરતા રૂા.૪,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પુરા) ની લોન તા. ૦૨/૦૩/૨૦૨૩ અને તા. ૦૪/૦૩/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી લોન ભરવામાં બેદરકાર રહેલ છે ?

(૪) શું વાદી બેંક પોતાનું કાયદેસરનું લેણું સાબીત કરે છે ? જો હા તો તે કયા દરે મેળવવા હકદાર છે ?

(૫) શું વાદી દાવા અરજીમાં માગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે ?

(૬) શું હુકમ અને હુકમનામું ?

(૪) જેથી તે મુદ્દાઓ પુરવાર કરવા માટે આ કામે વાદી તરફે નીચે મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

<u>મૌખિક પુરાવો</u>

(૧) આંક–૨૩ સુનીલ ગંગારામ મીના નાઓની સોગંદનામા ઉપર લેખીત સરતપાસ

<u>દસ્તાવેજી પુરાવો</u>

(૧) આંક–૨૫ પ્રતિવાદીના ખાતાના ઉતારાની ખરી નકલ

(૨) આંક–૨૬ બાજપાઈ લોન યોજનાના ફોર્મની અસલ પરથી ખરી નકલ

(૩) આંક–૨૭ બાજપાઈ લોન યોજનાના ફોર્મની અસલ પરથી ખરી નકલ

(૪) આંક–૨૮ બાજપાઈ બેન્કેબલ યોજના સ્વરોજગાર લોન સહાય અરજીની ખરી નકલ

(૫) આંક–૨૯ લેટર ઓફ એગ્રીમેન્ટની ખરી નકલ

(૬) આંક–૩૦ હાઈપોથીકેશન એગ્રીમેન્ટની ખરી નકલ

(૭) આંક–૩૧ લોન એપ્લીકેશન આઈ.ડી. ની ખરી નકલ

(૮) આંક–૩૨ લોન એગ્રીકલ્ચર ડીવાઈસની અસલ પરથી ખરી નકલ

(૯) આંક–૩૩ કન્ટ્રોલર રીમાર્કસની અસલ પરથી ખરી નકલ

(૧૦) આંક–૩૪ મુદ્રા ડેરી લોન સ્કીમની અસલ પરથી ખરી નકલ

(૧૧) આંક–૩૫ કે.વાય.સી. ફેકટ સ્ટેટમેન્ટની અસલ પરથી ખરી નકલ

(૧૨) આંક–૩૬ એનેક્ષર–એ ની ખરી નકલ

(૧૩) આંક–૩૭ નોટીસની ખરી નકલ

(૧૪) આંક–૩૮ નોટીસની ખરી નકલ

ત્યારબાદ આ કામે વાદી તરફે **આંક–૩૯** થી પુરાવા બંધની પુરસીસ આપી તેઓનો પુરાવો પુર્ણ થયેલ હોવાનો જાહેર કરેલ હોવાથી આ સિવાય અન્ય કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી .

તેમજ આ કામે પ્રતિવાદીઓનો દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરેલ હોય તેઓ તરફે કોઈ પુરાવો આ કામે રજુ થયેલ નથી.

(૫) ત્યારબાદ આ કામે આ કામે વાદી તરફે વિદવાન વકીલશ્રી **એન.જે.ખરાદી** ની મૌખિક દલીલો સાંભળી.

(૬) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયોના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હકારમાં

(૪) અંશત: હકારમાં, ૬ ટકાના દરે

(૫) અંશત: હકારમાં

(૬)આખરી હુકમ મુજબ.

::– કા ર ણો –::

મુદ્દા નંબર– ૧ થી ૩ અંગે :–

(૭) ઉપરોકત મુદા ૧ થી ૩ ની હકીકતો એકબીજા સાથે સંકળાયેલાં હોય જેથી હકીકતો અને પુરાવાનું પુનરાવર્તન ટાળવા સારૂ, ઉપરોકત મુદાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

હાલના દાવાના દસ્તાવેજી તથા મૌખીક પુરાવાનુ મુલ્યાનકન કરતા પહેલા ભારતીય પુરાવા અધીનીયમ કલમો ૧૦૨ તથા ૧૦૩ ઘ્યાને લેવી ખુબ જ જરૂરી છે. જે નીચે મુજબ છે.

કલમ – ૧૦૨ : કોઈ સાબિતીનો બોજો કોના પર રહે :–

કોઈ દાવા કે કાર્યવાહીમાં સાબિતીનો બોજો તે વ્યકિત પર રહે છે કે જે કોઈપણ પક્ષે કશો જ પુરાવો આપવામાં ન આવે તો નિષ્ફળ જશે.

કલમ – ૧૦૩ : ચોકકસ હકીકત અંગેની સાબિતીનો બોજો :–

કોઈ ચોકકસ હકીકત અંગે સાબિતીનો બોજો તે વ્યકિત ઉપર રહે છે કે જે તેનું અસ્તિત્વ અદાલત માને તેમ ઈચ્છતી હોય, સિવાય કે તે હકીકતની સાબિતી કોઈ ચોકકસ વ્યકિત પર રહેશે તેવી જોગવાઈ કોઈ કાનૂનથી કરવામાં આવી હોય.

આમ, ઉપરોકત કલમ ૧૦૨ તથા ૧૦૩ ની જોગવાઈઓ નું સ્પષ્ટીકરણ કરવામાં આવે તો, માત્ર કોઈ અનુમાન પરથી કે કલ્પના પરથી એવી બાબત સાબિત થઈ શકે નહીં અને કોઈપણ અનુમાન કરી શકાય નહીં. જે પક્ષ ઉપર પુરાવાનો બોજો રહે છે અને તે બાબત દસ્તાવેજી કે મૌખિક પુરાવાથી સાબિત કરી શકાય. વાદી કોઈ હકીકતનો દાવો કરતાં હોય કે કોઈ અધિકાર માંગતાં હોય ત્યારે સામાન્ય રીતે તેને લગતી સ્પષ્ટ હકીકત સાબીત કરવાની જવાબદારી વાદી ઉપર રહે છે. જે વ્યકિત જે હકીકતનું પ્રતિપાદન કરતી હોય તેણે તે હકીકત સાબિત કરવી જોઈએ અને તે વ્યકિત ઉપર સાબિતીનો બોજો રહે છે. ચોકકસ હકીકતનું અસ્તીત્વ અદાલત માને ત્યારે તેવું ઈચ્છતી વ્યકિત પર તે હકીકત સાબિત કરવાની જવાબદારી રહે છે. જે પક્ષકાર ઉપર સાબિતીનો જે બોજો હોય તે હકીકત સાબિત કરવા માટે તે પક્ષકાર ફરજબધ્ધ છે. જે પક્ષકાર કોઈ દાવામાં વાદી તરીકે પક્ષકાર હોય તથા સાબિતીનો જે બોજો તેનાં ઉપર હોય તે ઉતારવામાં તે સફળ જાય તો અવશ્યપણે દાવો મંજૂર થાય.

(૮) વાદીએ પોતાના દાવાની હકીકતો પુરવાર કરવા **આંક–૨૩ થી વાદી બેંકના અધીકારી સુનીલ ગંગારામ મીના** નાઓની સોગંધ પર સરતપાસ સીવીલ પ્રોસીજર કોડ ઓડર ૧૮ રૂલ ૪ મુજબ રજૂ કરેલ છે. જેમાં તેઓ મુખત્વે એવી હકીકત જણાવે છે કે, **આ કામના પ્રતિવાદી ખેતી કરે છે અને હાલના પ્રતિવાદી નાઓએ વાદી બેંક પાસેથી ધંધા વિષયક લોન (એમ.સી./મુદ્રા/ડેરી) બાબત ની લોનની માંગણી કરેલી.** જેમાં લોન અંગેના જરુરી દસ્તાવેજો જેવા કે, લોન માટેની અરજી ટર્મસ એન્ડ કન્ડીશન લેટર લોનનો કરાર હાઈપોથીકેશન કરાર વગેરે દસ્તાવેજ ઉપર સહીઓ કરી આપેલ અને આ તમામ દસ્તાવેજોની હકીકતો તેમજ શરતોની પ્રતિવાદીને સમજ આપવામાં આવેલી અને **તે મુજબ પ્રતિવાદીની લોન રૂા.૪,૫૦,૦૦૦/– તા. ૦૨/૦૩/૨૦૨૩ તથા તા. ૦૪/૦૩/૨૦૨૩ ના રોજ મંજુર કરેલી, જેનો ઉપાડ પ્રતિવાદીએ કરેલ જેનો લોન ખાતા નં. ૪૧૩૨૩૬૮૯૮૮ છે.** પ્રતિવાદીએ મેળવેલ **લોન**ની રકમ તથા વ્યાજ વાદી બેંક ને નિયત સમય મર્યાદામાં વ્યાજ સહીત ભરપાઈ કરવાના હતા. લોન ઉપર **વ્યાજનો દર ૧૧.૪૦ ટકા** છે. લોનની રકમ તથા વ્યાજ તથા ઈન્સપેકશન ચાર્જ વિગેરે લોનની શરતો મુજબની પુરેપુરી રકમ ભરવા પ્રતિવાદી બંધાયેલા છે. ત્યાર બાદ પ્રતિવાદીએ **તા. ૦૨/૦૩/૨૦૨૩ તથા તા. ૦૪/૦૩/૨૦૨૪** નારોજ બીજા તમામ એગ્રીમેન્ટો પર પ્રતિવાદી એ પોતાની સહી/અંગુઠા કરી આપેલ છે. પ્રતિવાદી લોનની રકમ તથા વ્યાજ ભરવામાં ઘણા જ અનિયમીત છે. પ્રતિવાદીના લોન ખાતામાં **તારીખ. ૦૩/૦૭/૨૪ ના રોજ લોનની રકમ બાકી રૂા.**

૩,૮૩,૫૭૭.૫૮/– તથા વ્યાજ રૂા. ૪૪,૮૬૯.૫૯/– મળી કુલ રૂા.૪,૨૮,૪૪૭.૧૭/– વાદી બેંકને પ્રતિવાદી પાસે લેવાના બાકી નીકળે છે. પ્રતિવાદી ખાતે બાકી નીકળતી લોન તથા વ્યાજની રકમ ભરપાઈ કરવા વાદી બેંકે લેખીત તેમજ મૌખિક માંગણી કરેલ હોવા છતાં તેમજ **તા. ૧૩/૦૨/૨૪ તથા તા. ૧૫/૦૪/૨૪ ના રોજ વકીલ શ્રી મારફતે લેખીત નોટીસો** આપવા છતા પ્રતિવાદી લોનની બાકી રકમ ભરપાઈ કરવા ગણકારતા ન હોઈ હાલનો આ દાવો નામદાર કોર્ટમાં દાખલ કરવાની જરૂરીયાત ઉભી થયેલ છે. પ્રતિવાદીએ લોન મેળવતા તેમની માલીકીની સ્થાવર જંગમ મિલ્કતો તથા તેમાં થતા ઉભાપાક નુ શાનગીરોખત કરી આપેલ છે.

(૯) આ કામના પ્રતિવાદીને દાવાનો સમન્સ બજી ગયો હોવા છતાં તેમજ તેઓને પુરતી તક આપવા છતાં વાદીની સરતપાસને પડકારેલ નથી કે વાદીના સાહેદે રજુ કરેલ **આંક ૨૫ થી ૩૮** દસ્તાવેજી પુરાવાને પડકારેલ નથી. તેમજ વાદીના સાહેદની ઉલટ તપાસ કરવા પણ પ્રતિવાદી તરફે કોઈ હાજર રહેલ નથી. વાદીની દાવા અરજીની હકીકતોને વાદી બેંકના સાહેદની અદાલત રુબરુ ની સોગંદ પરની જુબાની તથા રજુ કરેલ **આંક ૨૫ થી ૩૮** દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળતું હોઈ, વાદી બેંકની દાવાની હકીકતો નહીં માનવા માટે કોઈ કારણ નથી.

(૧૦) ઉપરોકત હકીકતો ધ્યાને લેતા વાદીએ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાની પુરાવા અધિનીયમ ૧૦૨ અને ૧૦૩ મુજબ દાવાની હકીકતો પુરવાર કરેલ છે. તેમજ આ કામના પ્રતિવાદી એ વાદીની બેંકમાંથી લોન લીધેલ હોવાનુ ફલિત થાય છે. વધુમાં આ કામે રજુ થયેલા તમામ દસ્તાવેજો ધ્યાને લેતા પ્રતિવાદીએ લોન લીધલ હોવાનુ અને તેમ છતા પાછળથી તે લોનની ચુકવણી કરેલ ન હોવાનુ જણાઈ આવે છે. તેમજ વાદીની બેંકના પ્રતિવાદીઓ પાસે દાવામાં જણાવેલ રકમ લોન પેટેના બાકી લેણાં રહે છે. વાદી એક કોર્પોરેટ બોડી છે વાદી બેન્કના પૈસા પબ્લીક મની છે વાદી બેન્ક પાસેથી લોનની રકમ મેળવી પ્રતિવાદીઓએ લોનની રકમ ભરપાઈ કરેલ નથી અને ઘણા લાંબા સમયથી વાદી બેન્કની રકમ પ્રતિવાદીઓ પાસે બાકી લેણી રહે છે જે તમામ રકમ ભરવાની પ્રતિવાદીઓએ કોઈ જ તૈયારી દર્શાવેલ હોય તેવુ જણાતુ નથી. આ કામના પ્રતિવાદીએ વાદી બેન્ક તરફથી રજુ કરવામાં આવેલ દસ્તાવેજો ખોટા છે અથવા તો તેઓએ લોન લીધેલ નથી તેવો કોઈ બચાવ કરવા તેઓને દાવાનો સમન્સ તેમજ વાદી બેન્કના વકીલશ્રી મારફતે આપવામા આવેલ નોટિસ બજી જવા છતા અદાલત સમક્ષ હાજર થયેલા નથી કે હાલના વાદીના સદરહુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને પડકારેલ નથી. તેવા સંજોગોમાં વાદી બેંક તરફે રજુ કરેલ દસ્તાવેજો ખોટા હોવાનુ માનવાને કોઈ કારણ નથી. આમ, હાલની વાદી બેન્કે પ્રતિવાદીને દાવા અરજીમાં જણાવેલ રકમ પુરાની લોન પ્રતિવાદીઓને આપેલ હોવાનુ જણાય છે અને સદરહુ લોન પેટે પ્રતિવાદીઓએ ઉપરોકત દસ્તાવેજો વાદી બેન્ક જોગ કરી આપેલ હોવાનુ

અને પાછળથી તે લોનની રકમ ભરેલ ન હોવાનુ પણ જણાય આવે છે. આમ, સદરહુ વાદી તરફથી રજુ થયેલ દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવો ધ્યાને લેતા, પ્રતિવાદીઓ પાસે વાદી બેંકના લોન તથા તેના વ્યાજ સહિતના દાવા અરજીમાં જણાવેલ રકમ પુરા બાકી હોવાનુ અને તે રકમ વાદી સંયુકત કે વિભકત રીતે વસુલ મેળવવા હકકદાર હોવાનુ સાબિત થતુ હોય જેથી **મુદ્દા નંબર ૧ થી ૩ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

<u>મુદ્દા નંબર– ૪</u>

(૧૨) આ કામે મુદા નં.પ જોવામાં આવે તો વાદી બેંક પોતાનુ કાયદેસરનુ લેણુ સાબિત કરે છે ? જો હા તો કયા દરે મેળવવા હકદાર છે ? તે અન્વયે આ કામે રેકર્ડ ધ્યાને લેતા આ કામે વાદી બેંક ઉપરોકત મુદ્દાઓમાં કરેલ ચર્ચા મુજબ તથા તેઓએ રજુ કરેલ તથા પુરવાર કરેલ જુદા જુદા દસ્તાવેજી પુરાવાઓના આધારે વાદી બેંક પ્રતિવાદીઓ પાસેથી લોન તથા તેની ઉપર ચડેલ વ્યાજ તથા દંડનીય વ્યાજની રકમ મળી દાવો દાખલ કરતા સુધી **રૂપીયા ૪,૨૮,૪૪૭/–** ની રકમ તેઓની લેણી નીકળતી હોવાનુ પુરવાર કરવામાં સફળ થયેલ છે પરંતુ તેઓએ તે રકમ **વસુલ મેળવવા મળતા સુધી ૧૨.૦૫ નાં** ચડત વ્યાજ સહીત વસુલ મેળવવા દાદ માંગેલી છે. જેથી આ કામે હાલના સદરહુ મુદ્દાના તેનુ મુલ્યાંકન કરતા પહેલા સીવીલ પ્રોસીજર કોડ કલમ–૩૪ ધ્યાને લેવી ખુબ જ જરૂરી છે. જે નીચે મુજબ છે.

<u>કલમ–૩૪ :– વ્યાજ</u>

(૧) જયારે અને જેટલે સુધી હુકમનામુ નાણાં આપવા માટેનુ હોય, ત્યારે અને તેટલે સુધી કોર્ટને જે મુદૃલ રકમ ફેસલાથી નકકી થઈ હોય તેની ઉપર, દાવો માંડયા પહેલાથી કોઈ મુદતનું વ્યાજ નકકી થયુ હોય તે વ્યાજ ઉપરાંત, દાવાની તારીખથી તે હુકમનામાંની તારીખ સુધીનું પોતા ને વ્યાજબી લાગે તે દરે વ્યાજ અને તેની સાથે આવી મુદૃલ રકમ પર હુકમનામાની તારીખથી ચુકવણીની તારીખ સુધીનું પોતાને વ્યાજબી લાગે તેટલુ વાર્ષિક છ ટકા કરતાં વધારે ન હોય તેવા દરે વધારે વ્યાજ અપાવવાનો કોર્ટ હુકમનામામાં હુકમ કરી શકશે.

પરંતુ એવી રીતે ઠરાવેલી રકમના સંબધમાં,વાણિજિયક લેવડ–દેવડમાંથી જવાબદારી ઉભી થઈ હોય ત્યારે, એવી વધારાના વ્યાજનો દર વર્ષે છ ટકા કરતાં વધુ રહી શકશે,પણ તે વ્યાજના કરારમાં ઠરાવેલ દર કરતાં અથવા કરારમાં દર ઠરાવ્યો ન હોય ત્યારે, વાણિજિયક લેવડ દેવડના સંબધમાં રાષ્ટ્રીયકૃત બેંન્ક જે દરે નાણાં ઉછીના આપતી હોય કે ધીરતી હોય તે દર કરતાં વધુ હોવી જાઈશે નહી.

તે હકીકત ધ્યાને લઈ આ કામે વાદી કંપની દવારા પોતાની દાવા અરજીમાં પ્રતિવાદી પાસ ેથી લોનની તથા તની ઉપર વ્યાજની તથા તથા દંડનીય વ્યાજની રકમ મળી દાવો દાખલ કરતા સુધી **રૂપીયા ૪,૨૮,૪૪૭/–** ની રકમ મળતા સુધી **૧૨.૦૫ નાં** ચડત વ્યાજ સહીત વસુલ મેળવવા દાદ માં

ગેલી છે પરંતુ તે અંગે <u>નામ.સુપ્રીમ કોર્ટ ધ્વારા સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા વિ. રવિન્દ્ર, એ.આઈ.આર. ૨૦૦૧,એસ.સી. પેઈજ નં.૩૦૯૫</u> ના ચુકાદાને ધ્યાને લેતાં, વ્યાજની રકમને મુદૃલમાં સાંકળી લઈ તે રકમ ઉપર ફરીથી વ્યાજ આપી શકાય નહી. આમ, ઉપરોકત મુદૃાઓમાં કરવામાં આવેલ વિવિધ ચર્ચા કર્યા મુજબ આ કામે પ્રતિવાદી પાસે વાદી બેન્કના દાવા તારીખ સુધીના **રૂપીયા ૪,૨૮,૪૪૭/–** બાકી લ ેણા પડે છે. હવે, આ રકમ ઉપર વાદી બેંકને કેટલુ અને કયારથી વ્યાજ મળવુ જોઈએ ? તે અંગે જોવામાં આવે તો આ કામે વાદી બેંક ધ્વારા પ્રતિવાદી પાસેથી લેણી રકમ ઉપર દાવા તારીખથી રકમ વસૂલ મળે ત્યાં સુધી **૧૨.૦૫ %** ટકા વ્યાજ અપાવવા માંગણી કરેલ છે. ત્યારે દિવાની કાર્યરીતિ સંહિતા ની કલમ–૩૪ જોવામા આવે તો તેમાં વ્યાજ અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. તે ઉપરોકત ચર્ચા કરેલ જોગવાઈ અનુસાર હુકમનામુ નાણા આપવા માટેનું હોય ત્યારે કોર્ટે જે મુદૃલ રકમ ફેંસલાથી નકકી થયેલ હોઈ તેના ઉપર દાવો માંડયાની પહેલાની કોઈ મુદૃલનુ વ્યાજ નકકી થયુ હોય તે વ્યાજ ઉપરાંત દાવાની તારીખથી તે હુકમનામાની તારીખ સુધીનુ તેની સાથે મુદૃલ રકમ ઉપર હુકમનામાની તારીખથી ચૂકવણી તારીખ સુધીનુ અથવા તેનાથી પહેલાની તારીખ સુધીનુ પોતાને વ્યાજબી લાગે તેટલું વાર્ષિક ૬ ટકા કરતા વધારે ન હોય તેવા દરે વધારે વ્યાજ અપાવવાનો હુકમ કરી શકશે અને વધુમાં એવી જોગવાઈ કરવામાં આવેલી છે કે, એવી ઠરાવેલ રકમના સંબધમાં પક્ષકારો વચ્ચે વાણિજીયક લેવડ–દેવડમાંથી જવાબદારી ઉભી થઈ હોય તો વ્યાજનો દર વર્ષે ૬ ટકા કરતા વધુ રહી શકશે પરંતુ તે વ્યાજ અંગે કોઈ કરાર અસ્તિત્વમાં હોય તો તે કરારમાં ઠરાવેલ દર કરતા અથવા તેવા કરારમાં દર ઠરાવ્યો ન હોય ત્યારે રાષ્ટ્રીય કૃત બેન્ક જે દરે નાણા ઉછીના આપતી હોય કે ધીરતી હોય તે દર કરતા વધુ વ્યાજ અપાવી શકાય નહી. તેમજ આ કામે ઉપરોકત પુરાવાઓની કરેલ ચર્ચા અનુસાર વાદી બેંક તરફે તરફે હાઈપોથીકેશન કરાર રજુ કરેલ છે પરંતુ તે કરારમાં તેઓ તરફે લખવામાં આવેલ અને નકકી કરવામાં આવેલ વ્યાજદરના સમર્થનમાં અન્ય કોઈ બીજો દસ્તાવેજી પુરાવો સમર્થનકારી રજુ કરેલ નથી કે તે મુજબ તેઓએ ગણતરી કરી પ્ર તિવાદીએ તે મુજબની રકમ વ્યાજ પેટે અગાઉ ચુકવેલ હોય તે દર્શાવતો પણ કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તેવા સંજોગોમાં તેઓએ લખવામાં આવેલ વ્યાજ દર જ આ લોનના સમગ્ર પીરીયડ દરમિયાન અમલમાં હતુ કે કેમ તે હાલના તબકકે રેકર્ડ ઉપર આવેલ વિવિધ પુરાવાઓથી સ્પષ્ટ થતુ નથી. તેમજ આ કામે વાદી બેંક તરફે હાલની રકમ વસુલાત માટે વ્યાજ તથા દંડનીય વ્યાજની પણ ગણતરી કરેલ હોય અને ત્યારે તે દંડનીય વ્યાજ પણ એક પ્રકારની પેનલ્ટી હોય અને તે તમામ રકમ ઉપર નકકી કરેલ ધોરણ મુજબ વ્યાજ ચુકવવાનો હુકમ કરી શકાય તેમ નથી અને તેવા સંજોગોમાં આ કામે સરળતા રહે તથા ન્યાયનો હેતુ પણ જળવાઈ રહે તે મુજબ જો દાવાની બાકી નીકળતી રકમ ઉપર હાલનાં પ્રવર્તમાન બેંક વ્યાજ દર મુજબ સદરહુ રકમ પર દાવો દાખલ કરેલ ત્યારથી સદર રકમ વસુલ ન

આવે ત્યાં સુધી જો વાર્ષિક **૬ %** ટકા લેખે પ્રતિવાદી પાસેથી સાદુ વ્યાજ અપાવવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી ગણાશે અને જે મુજબ વાદી બેંક પ્રતિવાદી પાસેથી દાવો દાખલ કરેલ ત્યારથી સદર રકમ વસુલ ન આવે ત્યાં સુધી જો વાર્ષિક **૬%** ટકા લેખે પ્રતિવાદી પાસેથી સાદુ વ્યાજ મેળવવા હકકદાર થાય છે. જેથી ઉપરોકત વિગતે **મુદ્દા નં.૪** નો જવાબ '**અંશતઃ હકારમાં**' આપવામાં આવે છે.

<u>મુદ્દા નંબર– ૫ ની ચર્ચા</u>

(૧૩) હવે આ કામે મુદા નં. ૬ જોવામાં આવે તો વાદી કંપની દાવા મુજબની દાદ મેળવવા હકકદાર છે કે કેમ તે હકીકત જોવાની રહે છે. ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા ધ્યાને લેતાં હાલના વાદી આ કામના પ્રતિવાદી પાસે તેની દાવાવાળી રકમ લેણી નીકળતી હોવાનું પુરવાર કરવામાં સફળ થતા હોવાનું જણાય છે. આમ પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી લોન લીધેલ છે. વાદીએ જે કોઈ દસ્તાવેજો રજૂ કરેલા છે, તે તમામ દસ્તાવેજો ઉપર પ્રતિવાદીની સહી છે અને કરાર જન્ય સંબંધથી પ્રતિવાદી બંધાયેલ હતા અને તે કરારનું પાલન થયું હોય, તેવું પ્રતિવાદી તરફથી સાબિત થયેલ નથી. વાદી તરફે જે કોઈ દસ્તાવેજો રજૂ થયેલ છે, તે પરથી અને **આંક–૨૫ થી રજૂ થયેલ સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ** વંચાણે લેતાં, થયેલ કરાર મુજબ,પ્રતિવાદીએ નિયમિત હપ્તાઓ ભર્યા હોવાનું જણાતું નથી. પ્રતિવાદીએ હપ્તાઓમાં લોનની રકમ ભરપાઈ કરવાની હતી, તે નિયમિત હપ્તાઓમાં પરત ચૂકવેલ હોય, તેવું જયારે રેકર્ડ પરથી સાબિત થતું ન હોય, વાદી તરફથી સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ રજૂ થયેલ છે, તેને ભારતીય પુરાવા ધારાની કલમ–૩૪ અને બેંકર બુકસ ઓફ એવીડન્સની કલમ–૩ તથા નામદાર સુપ્રિમ કોર્ટે એસ.બી.આઈ. વિ. યમુનમ ગૌરમણી સીંગના કેસમાં કે જે <u>એ.આઈ.આર. ૧૯૯૪ (સુપ્રિમ કોર્ટ) પાના નં.૧૬૪૪</u> પર રીપોર્ટેડ થયેલ છે, તે ચુકાદા મુજબ, ન માનવાને કોઈ કારણ રહેતું નથી. વાદી પ્રતિવાદી પાસેથી દાવાવાળી રકમ મેળવવા હકકદાર થાય છે પરંતુ ઉપરોકત કરેલ ચર્ચાઓને તે લેણી રકમ ઉપર દાવો દાખલ કરેલ ત્યારથી વ્યાજ ફકત ૬ ટકા લેવા ઉપરોકત કરેલ ચર્ચાઓને આધારે હકકદાર થતા હોય જેથી ઉપરોકત વિગતે **મુદ્દા નં.૫ નો** જવાબ '**અંશતઃ હકારમાં**' આપવામાં આવે છે.

આમ, **મુદ્દા નં.૧ થી ૩** નો જવાબ **હકારમાં** તથા **મુદ્દા નં.૪** નો જવાબ **અંશતઃ હકારમાં** તથા **મુદ્દા નં.૫ નો અંશતઃહકારમાં** આપી મુદ્દા નં–૬ અન્વયે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

તેમજ આ કામે સીવીલ વેકેશનની શરૂઆત થયેલ હોય જેથી હાલ સીવીલ વેકેશન ચાલતુ હોય તેમજ આ દાવો અગાઉથી દલીલ માટે હોય તથા એકતરફી ચલાવવાનો અગાઉ હુકમ કરેલ હોય જેથી વાદીના વિ.વ.શ્રી નાઓએ હાલનો દાવો વેકેશનમાં મુકવા તથા કામગીરી ચલાવવા માટે સંમતિ આપેલ હોય જેથી તે સીવીલ વેકેશનમાં મુદત મુકરર કરી આ કામે દલીલ સાંભળી ચુકાદો જાહેર કરવામાં આવેલ છે.

–::: હુકમ :::–

(૧) વાદીનો દાવો **અંશત: મંજુર** કરવામાં આવે છે.

(૨) આ કામનાં પ્રતિવાદીએ વાદીની લોન તથા વ્યાજની મળી બાકી નીકળતી લેણી રકમ **રૂપીયા ૪,૨૮,૪૪૭/–(અંકે રૂપીયા ચાર લાખ અઠ્ઠાવીસ હજાર ચારસો સુડતાળીસ પુરા)** દાવા દાખલ તારીખથી વસુલ મળતા સુધી **વાર્ષિક ૬ % નાં વ્યાજ સહીત** પોતાની જાત તથા હરેક પ્રકારની મિલકતથી સંયુકત કે વિભકત રીતે ચુકવી આપવા તેવો આ કામના પ્રતિવાદી ઓને હુકમ કરવામાં આવે છે.

(૩) આ દાવાનું તમામ ખર્ચ તમામ પક્ષકારોએ પોતે પોતાનું જાતે ભોગવવું.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ રોજ તારીખ–**૧૪ મી,** માહે–**મે,**સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી –સંભળાવી, જાહેર કર્યો.

તા.૧૪/૦૫/૨૦૨૬
નસવાડી

(ઓવેશખાન લીયાકતખાન પઠાણ)
પ્રિન્સીપાલ સિવિલ જજ, નસવાડી.
(યુ.આઈ.સી.નં.૦૧૨૦૭)